સરકારી મેડીકલ કોલેજો ખાતે મંજુર થયેલ પી.જી. સીટોમાંથી ૫૦% સીટો પર જુનીયર રેસીડેન્ટ ડોકટરોને માસિક રૂા.૬૩,૦૦૦/- ના વેતન સાથે નિમણુંક આપવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:- એમસીજી/૧૦૨૦૨૧/એસએફએસ-૩૬૯-વ-જ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૧૨/૨૦૨૧

## -:ઠરાવ:-

રાજ્યમાં નામ. સુપ્રિમ કોર્ટમાં પડતર કેસના કારણે મેડીકલના અનુસ્નાતક વિધ્યાર્થિઓના એડમીશન થઇ શકેલ નથી. આમ મેડીકલ કોલજો ખાતે અનુસ્નાતક વિધ્યાર્થિઓના એડમીશન થયેલ ન હોઇ મેડીકલ કોલેજો અને તેને સંલગ્ન હોસ્પિટલોમાં રેસીડેન્ટ ડોકટરોની ઘટ સર્જાયેલ છે. આ ઘટ પૂરવા માટે જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણુક કરવાની માંગણી સાથે રેસિડેન્ટ ડોકટરો હડતાલ પર ગયેલ છે. વધુમાં રેસીડેન્ટ ડોકટરોની ઘટ ના કારણે મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલોમાં દર્દી લક્ષી સેવાઓને પણ વિપરિત અસર થયેલ છે. સદર ઘટને પહોચી વળવા જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણુક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી સરકારી મેડીકલ કોલેજો ખાતે મંજુર થયેલ કુલ પી.જી. સીટોમાંથી ૫૦% સીટો પર જુનીયર રેસીડેન્ટ ડોકટરોને માસિક રૂા.૬૩,૦૦૦/- ના ફિક્સ વેતન સાથે ૩ માસ માટે અથવા જયા સુધી અનુસ્નાતક રેસીડેન્ટના એડમીશન થાય, તે બન્નેમાંથી જે વહેલુ હોય ત્યા સુધી નિમણુંક આપવા નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

<u>શરતો:-</u>

1. સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણૂક તદ્દન હંગામી અને કરારીય રહેશે તથા પી.જી. રેસીડેન્ટના એડમીશન થયેથી ઉક્ત નિમણૂક આપોઆપ રદ થયેલ ગણાશે.
2. સદર નિમણુક અન્વયે કરેલ સેવા અન્વયે અન્ય કોઇ સેવાકીય/નાણાકિય લાભ મળવા પાત્ર થશે નહિ.
3. સદર સેવા બદલ જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોને માસિક રૂા.૬૩,૦૦૦/- ફિક્સ વેતન મળશે તેના ઉપર અન્ય કોઇ ભથ્થા મળવાપાત્ર થશે નહી.
4. સદર નિમણુક મેડીકલ કોલેજના ડીનશ્રી/પી.જી. ડાયરેક્ટરશ્રી દ્વારા કરવાની રહેશે
5. સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણૂક નીટ પીજીના સ્કોરના આધારે કરવાની રહેશે

Scanned with CamScanner

6. સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોની નિમણુક બાદ તેઓને તબીબી અધિક્ષકના હવાલે મુકવાના રહેશે અને સદર જુનિયર રેસીડેન્ટ ડોક્ટરોએ ક્લિનીકલ ફરજો બજાવવાની રહેશે

7. સબંધિત નિયમિત પ્રાધ્યાપકોએ ઉક્ત નિમણૂક પામનાર ડોક્ટરોની કામગીરીનુ સતત નિરીક્ષણ,દેખરેખ,અને માર્ગદર્શન કરવાનું રહેશે. અને તે અંગેનો રીપોર્ટ સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગની તા. ૦૮/૧૨/૨૦૨૧ ની નોંધથી તથા સરકારશ્રીની તા.૦૯/૧૨/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી બી રાઠોડ)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માનનિય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનિય મંત્રીશ્રી,(નાણા)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનિય મંત્રીશ્રી,(આરોગ્ય)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનિય રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય , તબીબી સેવાઓ એને તબીબી શિક્ષણ, બ્લોક -૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી, (ત.શિ.), બ્લોક૪-૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ડીનશ્રી/તબીબી અધિક્ષકશ્રી,સરકારી મેડીકલ કોલેજ અને સંલગ્ન હોસ્પિટલ, અમદાવાદ, સુરત,વડોદરા,રાજકોટ,ભાવનગર,જામનગર
- પી જી નિયામકશ્રી,બી જે મેડીકલ કોલેજ, અમદાવાદ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ, સુરત,વડોદરા,રાજકોટ,ભાવનગર,જામનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૧

Scanned with CamScanner